**:: પ્રેસનોટ ::**

# "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ–દોડ સ્પર્ધા"

વિષય :– "પૂજ્ય શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત" અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ–દોડ સ્પર્ધા" બાબત.

બાળકો અને કિશોર–કિશોરીઓમાં સાહસવૃત્તિ વિકસે, બહાદુરી પ્રગટે અને સ્પોર્ટ્સ અભિમુખતા પાંગરે, તેમાં વધારે રસ–રૂચિ કેળવતા થાય તેવા હેતુથી 'પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત' અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર દોડ સ્પર્ધા" તા.૦૧/૦૩/૨૦૨૦ના રોજ સવારે ૭.૦૦ કલાકે આયોજીત દોડ સ્પર્ધામાં ૯ થી ૧૧ વર્ષના વિદ્યાર્થીઓની દોડ સ્પર્ધાનું અંતર ૨ કિ.મી., ૧૧ થી ૧૩ વર્ષના વિદ્યાર્થીઓની દોડનું અંતર ૪ કિ.મી. જયારે ૯ થી ૧૧ વર્ષના વિદ્યાર્થીનીઓની દોડ સ્પર્ધાનું અંતર ૧ કિ.મી. અને ૧૧ થી ૧૩ વર્ષના વિદ્યાર્થીનીઓની દોડનું અંતર ૩ કિ.મી. રાખવામાં આવ્યું હતું. જયારે સાયકલ સ્પર્ધામાં ૯ થી ૧૧ વર્ષના વિદ્યાર્થીઓની સાયકલ સ્પર્ધાનું અંતર ૬ કિ.મી., ૧૧ થી ૧૩ વર્ષના વિદ્યાર્થીઓની સાયકલ સ્પર્ધાનું અંતર ૧૦ કિ.મી. જયારે ૯ થી ૧૧ વર્ષના વિદ્યાર્થીનીઓની સાયકલ સ્પર્ધાનું અંતર ૪ કિ.મી. અને ૧૧ થી ૧૩ વર્ષના વિદ્યાર્થીનીઓની સાયકલ સ્પર્ધાનું અંતર ૮ કિ.મી.નું રાખવામાં આવ્યું હતું.

તા.૧લી માર્ચ,૨૦૨૦ને રવિવારના રોજ સુવર્ણમયી સવારે માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલ, દંડકશ્રી શ્રીમતી દક્ષાબેન જરીવાળા, સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, ગાર્ડન સમિતિ ચેરમેન શ્રીમતી સુચિત્રાબેન પટેલ, મ્યુ. સભ્ય શ્રીમતિ રૂપલબેન શાહ, મ્યુ. સભ્ય શ્રીમતિ રમીલાબેન પટેલ, મ્યુ. સભ્ય શ્રીમતિ પુષ્પાબેન પટેલ, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રી કનૈયાલાલ છત્રપતિ, શ્રી સન્મુખભાઈ જીનવાલા, શ્રી જશવંત પચ્ચીગરના સુપુત્ર શ્રી કલ્પેશભાઈ પચ્ચીગર, શ્રી નવનીતભાઈએ ઝંડી ફરકાવી તમામ ગૃપમાં દોડ– સાયકલ સ્પર્ધાનો શુભારંભ કરાવ્યો હતો. આઠ ગૃપમાં દોડ અને સાયકલ સ્પર્ધા થયા બાદ નીચે મુજબના સ્પર્ધકો વિજયી નીવડયા હતા.

**દોડ સ્પર્ધા**

| વિજેતા ક્રમ | છોકરાઓ | | છોકરીઓ | |
|---|---|---|---|---|
| | અ<br>૯ થી ૧૧ વર્ષ | બ<br>૧૧ થી ૧૩ વર્ષ | ક<br>૯ થી ૧૧ વર્ષ | ડ<br>૧૧ થી ૧૩ વર્ષ |
| **પ્રથમ** | સ્મીત એમ. ગામીત | ક્રિશીલ એચ. પટેલ | હની આર. ચૌધરી | મોહિની સી.ચૌહાણ |
| **દ્વિતિય** | કાવ્ય એચ. પટેલ | રાહિલ સી. સેલર | સાનવી સેટ્ટી | ધ્વની એલ. સેલર |
| **તૃતિય** | હર્ષલ એમ. રાણા | રૂદ્ર ટી. ખલાસી | કશીશ જે. સફી | વિશ્વા બી. સેલર |
| **આશ્વાસન** | જોયલ એમ.સેલર | નૈતિક એસ. સેલર | ભવ્યા જે. લાકડાવાલા | દ્વિતી એ. ચૌધરી |

**સાયકલ સ્પર્ધા**

| વિજેતા ક્રમ | છોકરાઓ | | છોકરીઓ | |
|---|---|---|---|---|
| | અ<br>૯ થી ૧૧ વર્ષ | બ<br>૧૧ થી ૧૩ વર્ષ | ક<br>૯ થી ૧૧ વર્ષ | ડ<br>૧૧ થી ૧૩ વર્ષ |
| **પ્રથમ** | રાહિલ ડી. સોલંકી | રજત એ. સાંરગ | ભવ્યા જે. લાકડાવાલા | રીના કે. ભડોયા |
| **દ્વિતિય** | પટેલ દૈવિક પી. | માનવ ડી. પટેલ | નૈત્રી સી.પ્રજાપતિ | ડીયાન્સી એમ. સેલર |
| **તૃતિય** | આયુષ પી. જાદવ | રૂદ્ર ટી. પટેલ | પંક્તિ પી. સેલર | ધન્વી એલ. સેલર |
| **આશ્વાસન** | જોયલ એન.સેલર | ક્રિશીવ એચ. પટેલ | કિંજલ હેમલ સેલર | વિશ્વા બી. સેલર |

"શ્રી જશવંત પચ્ચીગર દોડ સ્પર્ધા"ના વિજેતાઓને માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલ, દંડકશ્રી શ્રીમતી દક્ષાબેન જરીવાળા, સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, ગાર્ડન સમિતિ ચેરમેન શ્રીમતી સુચિત્રાબેન પટેલ, મ્યુ. સભ્ય શ્રીમતિ રૂપલબેન શાહ, મ્યુ. સભ્ય શ્રીમતિ રમીલાબેન પટેલ, મ્યુ. સભ્ય શ્રીમતિ પુષ્પાબેન પટેલ, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રી કનૈયાભાઈ છત્રપતિ, શ્રી સન્મુખભાઈ જીનવાલા અને શ્રી જશવંતભાઈ પચ્ચીગરના પુત્રશ્રી કલ્પેશભાઈ પચ્ચીગર, શ્રીનવનીતભાઈ તથા ઉપસ્થિત અધિકારીશ્રીઓના વરદહસ્તે વિજેતા પ્રમાણપત્ર, ટ્રોફી, રોકડ પુરસ્કાર તથા "પૂ.શ્રીમોટાનો ફોટો" , નાઈટ લેમ્પ, "ચિત્રકથા" અને "તરણામાંથી મેરૂ" પુસ્તક એનાયત કરી સન્માનીત કરવામાં આવ્યા હતા. જયારે તમામ વિજેતાઓને પ્રોત્સાહિત કરવા માટે સુરત મહાનગરપાલિકાના રોકડ પુરસ્કાર ઉપરાંત 'પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ તરફથી પ્રથમ વિજેતાને રૂા.૨૧૦૦/– દ્વિતિય વિજેતાને રૂા.૧૫૦૦/– તૃતિય વિજેતાને રૂા.૧૦૦૦/– આશ્વાસન વિજેતાને રૂા.૭૦૦/– મળી તમામ ૮ વિભાગના વિજેતાને કુલ રૂા. ૪૨૪૦૦/– ના રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા. દોડ અને સાયકલ સ્પર્ધામાં ૪૬૪ જેટલા સ્પર્ધકોએ ઉમળકાભેર ભાગ લીધો હતો. ભાગ લીધેલ તમામ સ્પર્ધકોને સુરત મહાનગરપાલિકા દ્વારા પાર્ટીસીપન્ટ ગીફટ અને પૂ.શ્રીમોટા હરિઃૐ આશ્રમ દ્વારા પુ.શ્રીમોટાના પુસ્તકો અને જેમના નામ સાથે આ સ્પર્ધા જોડાયેલી છે એવા શ્રી જશવંતભાઈ પચ્ચીગરના પુત્રશ્રી કલ્પેશભાઈ પચ્ચીગર તરફથી દુધ અને બિસ્કીટ આપવામાં આવ્યું હતું. આ દોડ સ્પર્ધામાં અધિકારીશ્રીઓ, શિક્ષકો, વાલીઓ અને રમતપ્રેમી નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

સમાચારયાદી તા.૦૧/૦૩/૨૦૨૦, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.